



(તસવીર : સમીર બલોચ, જીતેન્દ્ર પટેલ, મોડાસા)



# મોડાસાની સ્કુલામાં નહેરૂ ચાચાના જન્મ દીનની ધામધુમથી ઉજવણી કરાઈ

૧૪ નવેમ્બર એટલે બાલ દિવસ આ દિવસે પંડિત જવાહરલાલ નહેરૂનો જન્મ દિવસ હોય છે અને ચાચા નહેરૂને બાળકો પ્રત્યે બહુ પ્રેમ હતો તેમના જન્મ દિવસને બાલ દિન તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે આજે મોડાસા ખાતે આવેલી સ્કુલોમાં નહેરૂજીના જન્મ દિવસની ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી. આ નાના બાળકોને સ્કુલોમાંથી ઉટલારીમાં બેસાડી લોકજાગૃતીના ભાગરૂપે સમગ્ર મોડાસા શહેરમાં પરિભ્રમણ કરવામાં આવ્યં હતુ. મોડાસાની સ્કુલોમાં આ પ્રસંગે ચિત્ર સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યુ હતુ ત્યારે મોડાસાની કલરવ શિશુ વિહાર પ્રા.શાળાના બાળકોને આઠ જેટલી ઉટલારીમાં બેસાડી આજે લોકજાગૃતીના ભાગરૂપે અનોખી રીતે બાળ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

## મોડાસા શહેરના સ્વચ્છતા અભિયાનમાં બજાજ આલિયાન્ઝ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની જોડાઈ

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દિર્ઘદૃષ્ટિ સમાન 'સ્વચ્છ ભારત' બનાવવાના અભિયાનમાં મોડાસા શહેરની તમામ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સંસ્થાઓએ ઝઉંબેશ હાથ ધરી છે. જેમાં મોડાસા શહેરમાં બાલાજી કોમ્પલેક્ષમાં આવેલી કોર્પોરેટ ઓફિસ બજાજ આલિયાન્ઝ બાઈક ઈન્સ્યોરન્સ કંપની જોડતા મોડાસા શહેરજનોએ કંપનીની પ્રશંસા કરી.

મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલા બાલાજી કોમ્પલેક્ષમાં શાખા ધરાવતી બજાજ આલિયાન્ઝ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની લી. મોડાસા દ્વારા મોડાસા શહેરના નાગરીકોમાં સ્વચ્છતા બાબતે જાગૃતતા કેળવાય તે હેતુથી શુક્રવારે સવારે ૯.૦૦ કલાકે બાલાજી કોન્પ્લેક્ષ આગળ સ્વચ્છતા કાર્યક્રમ અંતર્ગત બાલાજી કોમ્પલેક્ષ આગળ તેમજ આજુબાજુના વિસ્તારમાં પડી રહેલો કચરો તથઆ ગંદકી દૂર કરવામાં આવી હતી.આ અભિયાનમાં મોડાસા શહેરના નાયબ કલેક્ટર આચાર્યશ્રી મોડાસા નગરપાલિકા પ્રમુખ એસ.આર. પટેલ, જીવદયાપ્રેમી નિલેષ જોષી, ભારતીય જનતા પાર્ટીના કોર્પોરેટર મિત્રો અરવિંદ પંચાલ, નિતિન પંડ્યા, સેનેટરી ઈન્સ્પેક્ટર રાજપુરોહિત, અશોકભાઈ રાઠોડ, બજાજ આલિયાન્ઝ લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીના મેનેજર તુષાર ભાવસાર, સેલ્સ મેનેજર રાકેશ મહેતા તથઆ મોડાસા શાખાના તમામ સેલ્સ મેનેજર તેમજ કંપનીના સ્ટાફ મિત્રો પણ સ્વચ્છતા અભિયાનમાં જોડાયા હતા.



(તસવીર : જય અમીન, મોડાસા)

## કેન્યામાં પકડાયેલ ડ્રગ માફીયા વિકી ગોસ્વામીનું અરવલ્લી કનેકશન

મોડાસા, તા.૧૪

ગુજરાત રાજયના અરવલ્લી જિલ્લાના લાલીના મઠથી વાયા અમદાવાદ થઈ સીધા જ આફ્રીકાના ડ્રગ માફીયા સાથે સંકડાયેલ વિકી ગોસ્વામી બની ગયો ઈન્ટરનેશનલ ડ્રગ માફીયા. વિકી ગોસ્વામી કોણ હતો ? કયાં રહેતો હતો ? અને કેવી રીતે બન્યો ડ્રગ માફીયા ?

વીકી ગોસ્વામી આ અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના લાલીના મઠ ગામનો મુળ વતની હતો. આ લાલીના મઠમાં તેનો જન્મ થયો હતો. વીકી ગોસ્વામી ધોરણ-૧૦ સુધી આ ગામમાં અભ્યાસ કર્યો હતો અને અને ત્યારબાદ અમદાવાદમાં જઈ વસ્યો હતો અને ત્યાંથી શરૂઆત થઈ તેના ડ્રગ માફીયા બનવાની વિકી ગોસ્વામી ધ્વારા તેના આ વતન લાલીના મઠમાં પણ પોતાના ખેતરમાં મેનડ્રેક્સ બનાવવાની ફેકટરી પણ નાખી હતી. જેમાં તેના સાથે તેના ભાઈઓ પણ કામ કરતા હતા તે સમયે પોલીસ ધ્વારા રેડ કરવામાં આવી હતી અને ૪ કરોડ રૂપીયાનો મુદ્દામાલ પકડાયો હતો અને વીકીના ભાઈઓની ધરપકડ કરાઈ હતી. પરંતુ તે સમયે વિકી ગોસ્વામી આફ્રીકા હોવાથી પોલીસ તેને પકડી શકી નહોતી.

ડ્રગ માફીયા વીકી ગોસવામીના પરીવારમાં ૧૬ ભાઈ-બહેન છે. તેના પિતા ગુજરાત પોલીસમાં સબ ઈન્સપેક્ટર તરીકે ફરજ બજાવતા હતા. વીકી ગોસ્વામી તેમનું ૧૦ નંબરનુ સંતાન છે અને મોટા ભાગના તમામ સંતાનોએ આ લાલીના મઠમાં અભ્યાસ કર્યો હતો અને અમદાવાદ સ્થાઈ થઈ ગયા હતા. પરંતુ પૈસાની મોહમાયાના કારણે વિકી ગોસ્વામી આ ડ્રગના કારોબારમાં જોડાઈ ગયો અને બની ગયો વિકી ડોન ડ્રગ માફીયા અને ૧૯૯૧માં વિકી ગોસ્વામી સામે કેસ દાખલ કરાયો ત્યારથી આજ સુધી વીકી ગોસ્વામી વોન્ટેડ છે અને જઈ વસ્યો આફ્રીકા. વિકી ગોસ્વામી ભલે ડી ગેંગ સાથે સંકળાયેલો હતો પરંતુ સને ૧૯૯૮માં તેના પાલડી ખાતે ડી ગેંગ સાથે સંકળાયેલ અબુ સાલેમના માણસો મોકલી હુમલો કરાવાયો હતો અને ચાર થી પાંચ રાઉન્ડ ફાયર કર્યા હતા પરંતુ હાલ તો અંડર વલ્ડમાં કનેકશન ધરાવતા વિકીની સફર આફ્રીકામાં પુરી થઈ છે.



(તસવીર : સમીર બલોચ, જીતેન્દ્ર પટેલ, મોડાસા)





તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

અરવલ્લી જીલ્લાના ભિલોડા અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલમાં અરવલ્લી જીલ્લાનો પ્રથમ યુવક મહોત્સવ કાર્યક્રમ યોજાયો.અરવલ્લી જીલ્લાના વિવિધ વિસ્તારની શાળાઓના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર યુવક મહોત્સવમાં ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ વિવિધ પ્રકારની કૃત્તીઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો, વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા સહિત વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે જીલ્લા શિક્ષણાધિકારી એ.પી.ઝાલા, જીલ્લા રમત-ગમત અધિકારી અશોકભાઈ રાવલ, ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ મંત્રી કિર્તીકુમાર બારોટ, સહમંત્રી નયનાબેન બારોટ, જીલ્લા આચાર્ય સંઘ મહામંત્રી એન. ડી. પટેલ, ભિલોડા અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલ આચાર્ય ટી. કે. પરમાર, વનરાજભાઈ ડામોર, આર. જી. બારોટ એજયુંકેશન કેમ્પસના વિવિધ વિભાગના આચાર્યો, શિક્ષકો, અરવલ્લી જીલ્લાની વિવિધ શાળાઓના આચાર્યો, શિક્ષકો, વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓએ રાસ-ગરબા, આદિવાસી નૃત્ય, રાજસ્થાની નૃત્ય સહિત વિવિધ પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમો અને વિવિધ પ્રકારની અવનવી કૃતિઓ રજુ કરી સૌકોઈને વિદ્યાર્થીઓએ મંત્રમુગ્ધ કરી દીધા હતા.

## તાજપુર કેમ્પ પાસે મેશ્વો નદીના પટમાંથી કિમતી કાળા પથ્થરોની ચોરી

તાજપુર, કેમ્પ, તા. ૧૪

તલોદ તાલુકાના તાજપુર અને હરસોલ પંથકમાંથી પસાર થતી મેશ્વો નદીના પટમાંથી કેટલાક ખનીજ ચોરો બિન્દાસપણે બેરોકટોક અવારનવાર બ્લાસ્ટ કરી કિમતી કાળા પથ્થરોની ચોરી કરી રહ્યા છે. જેથી ગામતળની જમીન રહેણાંક મકાનો તેમજ મેશ્વો નદી પર ગોરઠીયા ચેકડેમને પણ ભારે નુકશાન થઈ રહ્યું પરિણામે આસપાસના ગ્રામજનો રોજની આ તકલીફ સામે રોષે ભરાયા છે. જ્યાં તંત્ર જવાબદાર અધિકારીઓ આ તમામ બાબતથી અભણ હોય તેમ મૌન સેવી રહ્યા છે. જેથી ખનીજ ચોરો બેફાન બન્યા છે અને ખનીજની ખુલ્લેઆમ લૂંટ ચલાવી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર તલોદ તાલુકામાં પંથકમાંથી મેશ્વો નદી પસાર થાય છે. જ્યાં આ પંથકમાં નદીની બન્ને બાજુએ અસંખ્ય નાના મોટા ગામો આવેલા છે. નદી પર ગોરઠીયા મહાદેવ ટકાર ગામ પાસે સિંચાઈ વિભાગે ચેકડેમ બનાવ્યો છે. ચેકડેમની આસપાસ નદીના પટમાંથી કેટલાક ક્વોરીના સંચાલકો અને ખનીજ માફીયાઓ દ્વારા બ્લાસ્ટ કરી નદીના પટના પેટાળમાંથી કિંમતી કાળા પથ્થર કાઢી રહ્યા છે. અને તેને બિન્દાસપણે ટ્રકોમાં ભરી તંત્રની દેખરેખ નીચે ખનીજ પથ્થરોની ચોરી કરી રહ્યા છે. દરરોજના બ્લાસ્ટના કારણે આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં ગામ તળની જમીનમાં અને રહેણાંક મકાનની દિવાલમાં ભારે નુકશાન થઈ રહ્યું છે. બીજી બાજુ બ્લાસ્ટના કારણે પ્રદૂષણ પણ થતા લોકો મુશ્કેલી અનુભવી રહ્યા છે. જ્યારે બ્લાસ્ટના પગલે ચેકડેમની દિવાલોમાં પણ તિરાડો પડી હોવાનું જાણવા મળ્યુંછે. ત્યારે સ્થાનિક સરકારી તંત્ર આ તમામ હકીકતથી વાકેફ હોવા છતાં આંખ આડા કાન કરી તમાસો જોઈ રહ્યા છે. ત્યારે ઉચ્ચકક્ષાએ આ ગંભીર મામલે તપાસ થાય તેવું ગ્રામજનો ઈચ્છી રહ્યા છે.



## પ્રાંતિજના ઈન્દીરાનગરમાં વાયઝ અને નિયાઝનો કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજના રેલવે-સ્ટેશન વિસ્તારમાં સ્થિત ઈન્દીરાનગરમાં રહેતા મુસ્લિમ બિરાદરો દ્વારા ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. હઝરત ઈમામ હુસેન અને તેમના સાથીઓની કરબલાના મેદાનમાં વર્ષો પૂર્વે થયેલ શહાદતની યાદમાં ઉજવાતા આ પર્વે નગરના મુસ્લિમ ભાઈ બહેનો સહભાગી બન્યા હતા વાયઝ અને નિયાઝમાં જોડાયા હતા. આ ધાર્મિક પર્વે બાલાસિનોરથી આવેલ મૌલાના ઈદ્રીશ મીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા જયારે કાલુમીયા શેખ, વસીમભાઈ મનસુરી, મહેબુબ મલેક, યુનીસભાઈ મનસુરી વગેરેએ ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## પાલનપુર હાઈ-વે પર રહેણાંક વિસ્તારમાંથી કારની ઉઠાંતરી

પાલનપુર, તા.૧૪

પાલનપુર આબુ હાઈ-વે પર રહેણાંક સોસાયટી પાસે પાર્ક કરેલી કારની કોઈ અજાણ્યા ઈસમો ઉઠાંતરી કરી જતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

પાલનપુરના ચડોળર ગામના હરેશભાઈ સોમાભાઈ લોહ તેમની સ્વીફ્ટ કાર નં. જીજે-૮-એઈ-૩૭૦ લઈ પોતાના ઘરેથી પાલનપુર આબુ હાઈવે પર આવ્યા હતા જયાં રહેણાંક સોસાયટી પાસે ખાનગી ઓફિસમાં પોતાના કામ અર્થે ગયા હતા. દરમિયાન કોઈ અજાણ્યા ઈસમોએ ત્યાં આવી આખે આખી કારની ઉઠાંતરી કરી પલાયન થઈ ગયા હતા. થોડા સમય બાદ કાર માલિક પોતાનું કામ ખતમ કરી પરત કાર પાર્ક કરેલ સ્થળે આવતા સ્થળ પર કાર જ ન હતી. આથી તુરંત આસપાસના વિસ્તારમાં તપાસ હાથ ધરી હતી જો કે શોધખોળ કરવા છતાં કોઈ ભાળ ન મળતા આખરે કારમાલિકે પશ્ચિમ શહેર પોલીસમાં રૂ. ૪.૭૦ લાખની કાર ચોરી થઈ હોવાની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.



સાબરકાંઠા જિલ્લાના અંતરીયાળ એવા ખેડબ્રહ્મા તાલુકામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી છે. જેમાં શાળાએ જતા બાળકોની તબીબી તપાસ કરી સ્થળ પર સારવાર આપવામાં આવે છે. આજે ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામે સરસ્વતી વિદ્યા મંદિર ખાતે જિલ્લા પંચાયત સાબરકાંઠાના સભ્ય મૂળજીભાઈ પટેલ દ્વારા ઉદઘાટન કરવામાં આવ્યું હતું. તેમજ ખેડબ્રહ્મામાં કે.ટી. હાઈસ્કૂલમાં ખેડબ્રહ્મા શહેર ભાજપ ઉપપ્રમુખ કમલેશભાઈ જોષી દ્વારા ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ તા. ૧૩-૧૧-૨૦૧૪ થી ૧૦-૧-૨૦૧૪ સુધી ચાલુ રહેશે. ખેડબ્રહ્મા તાલુકામાં કુલ ૯૧૦૨૧૯ જેટલા બાળકોની તબીબી તપાસ કરવામાં આવનાર છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી મનીષ ફેન્સીના માર્ગદર્શન હેઠળ તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. એચ.એસ. ગઢવી દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. તેમજ તાલુકા આઈ.ઈ.સી. અધિકારી રાજેન્દ્રસિંહ વાઘેલા દ્વારા પ્રચાર-પ્રસારની કામગીરી કરવામાં આવશે.

## ભિલોડા હેલ્થ ઓફીસ ધ્વારા શાળા આરોગ્ય કાર્યક્રમનું ઉદ્ઘાટન સમારંભ યોજાયો

ભિલોડા,તા.૧૪

અરવલ્લી જીલ્લાના ભિલોડા હેલ્થ ઓફીસ ધ્વારા શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત આદર્શ નિવાસી શાળામાં ધારાસભ્ય ડાૅ.અનિલભાઈ જોષીયારાના વરદ્ હસ્તે ઉદ્ઘાટન કરાયું હતું. જુદા જુદા આરોગ્ય કેન્દ્ર ધ્વારા પણ શાળા આરોગ્ય કાર્યક્રમનું ઉદ્ઘાટન તાલુકાના સદસ્યો, સરપંચો ધ્વારા કરવામાં આવ્યું હતું. ભિલોડા તાલુકાના કક્ષાના ઉદ્ઘાટન સમારંભ કાર્યક્રમમાં ડાૅ. એ. જે. વૈષ્ણવ તાલુકા હેલ્થ ઓફીસર, ડાૅ.રાજેશ પટેલ મેડીકલ ઓફીસર કિશનગઢ, આદર્શ નિવાસી શાળાના પ્રિન્સિપાલ સુરેશભાઈ પટેલ, સીડીપીઓ ભગવતીબેન પટેલ, શાળાના શિક્ષકો, વિદ્યાર્થી ભાઈઓ-બહેનો, વિસ્તારની આંગણવાડી કાર્યકર ભાઈઓ-બહેનો, આરોગ્ય સ્ટાફ, ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ભિલોડા તાલુકા હેલ્થ ઓફીસર ધ્વારા શાળાના આરોગ્ય કાર્યક્રમની વિગતવાર માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન અને આયોજન આઈ.ઈ.સી.ઓફીસર વસંતભાઈ પટેલ ધ્વારા કરવામાં આવ્યું હતું. શાળા આરોગ્ય કાર્યક્રમના ભાગરૂપે વૃક્ષારોપણ ડાૅ.અનિલભાઈ જોષીયારા ધારાસભ્ય ભિલોડાના હસ્તે શાળા કંપાઉન્ડમાં કરવામાં આવ્યું હતું. આરોગ્ય તપાસ કાર્યક્રમ ૭૬૫૦૦ બાળકોની આરોગ્ય તપાસ હાથ ધરવામાં આવી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Raffle

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA

ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦